જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૮/૦૧/૨૦૨૦      શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**      **સમાચાર યાદી નં.૧૧૬/૨૦૨૦**

## "SHE TEAM" દ્વારા કરેલ કામગીરી

### રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસ સ્ટેશન :

આજ રોજ રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસ સ્ટેશનની શી ટીમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે, શિલાલેખ પોહચ્યા ત્યારે એક લેડીસ ચપ્પલ પડેલા જોઈ નદીમાં જોતા એક મહિલા નદીમાં ડુબતા જોઈ ગાડીના ડ્રાઇવર કાંતિભાઈ કેસરભાઈ સમયસૂચકતા વાપરી નદીના પાણીમાં કુદી પડી પાણીમાં ડુબતી મહિલાને સુમીતબા મહેન્દ્રસિંહ અને ખુશ્બુ સુરેશભાઈની મદદથી તે મહિલા નો જીવ બચાવ્યો હતો.





**ગુના નિવારણ શાખા :**

**"સટ્ટા બેટીંગના આંક લખી જુગાર રમતા બે ઈસમોને ઝડપી પાડતી પી.સી.બી."**

મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે અનુસંધાને તા.૧૭.૧.૨૦૨૦ ના રોજ પીસીબીના સ્ટાફના માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફને ચોક્ક્સ બાતમી હકીકત મળેલ કે "દરિયાપુર છીકણીવાળી પોળમા રહેતો વિક્કી બાબુલાલ શાહ નાનો પોતાના ભાડુતી માણસો રાખી દરિયાપુર પીપળીવાળી પોળની સામે બહુચરમાતાના મંદિરની બાજુમા કિશન ઈલેકટ્રીકલ નામની દુકાનના પગથીયા ઉપર બેસી પોતાના આર્થિક ફાયદા સારુ બહારથી ગ્રાહકોનો ટેલીફોનથી સંપર્ક કરી બોમ્બે વરલી મટકાનો આંક ફરકનો નાણાની હારજીતનો મીલન બંધ બજારનો જુગાર રમી રમાડે છે" જે બાતમી હકીકત આધારે ઉપરોકત જણાવેલ જગ્યાએ પંચો સાથે રેઇડ કરતા નીચે જણાવેલ આરોપીઓ ને નીચે મુજબના જુગાર રમવાના સાધનો સાથે પકડી પાડી તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી દરિયાપુર પોસ્ટે ખાતે ગુનો રજીસ્ટર કરાવવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ :**

(૧) ધ્રમેશ ઉર્ફે નાગરાજ મહેશભાઈ પંચાલ રહેવાસી- ૭૦૩/૧ લુણસાવાડ વાડીગામ પુનીત પોળ દરીયાપુર અમદાવાદ

(૨) વિક્કી બાબુલાલ શાહ રહેવાસી- ૫૪૫/૨ છીકણીવાળી પોળ વાડીગામ દરીયાપુર અમદાવાદ

**ગુનાની જગ્યા** : દરિયાપુર પીપળીવાળી પોળની સામે બહુચરામાતાના મંદિરની બાજુમા કિશન ઈલેકટ્રીકલ નામની દુકાનના પગથીયાની ખુલ્લી જગ્યામા

**પકડાયેલ મુદામાલ** :

(૧) રોકડા નાણા રૂ. ૪૫,૫૪૦/-

(૨) મોબાઇલ ફોન નંગ ૪ કિ. રૂ.૧૧,૦૦૦/-

(૩) સટ્ટા બેટીંગના આંક લખેલ બુક નંગ -૧ કિ.રૂ. ૦૦.૦૦/

(૪) બોલપેન નંગ-૧ કિ.રૂ. ૦૦.૦૦/

**કુલ્લે રુપિયા ૫૬,,૫૪૦/- નો મુદામાલ**

# <u>પાસાના આરોપીની અટકાયત</u>

## <u>ગુના નિવારણ શાખા :</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ **<u>તા.૧૭.૧.૨૦૨૦</u>** નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલ્કતસબંધી/ પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમા ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો દેશી દારુનો જથ્થો વેચાણ કરવાના ઈરાદે પોતાના સાગરિતને પુરો પાડી પોતાના સાગરિત સાથે મળી અમદાવાદ શહેર વિસ્તારમા ગેરકાયદેસરના વગર પાસ પરમીટના દેશીદારુનુ વેચાણ કરી, એકબીજના મેળાપીપણામાં ગેરકાયદેસરના વગર પાસ પરમીટના દેશીદારુના જથ્થાની હેરાફેરી કરી દેશીદારુ નુ વેચાણ કરનાર ઈસમ રાજુભાઈ ઉર્ફે કાળો અમરતભાઈ ડાહયાભાઈ રાવળ રહેવાસી-રાવળવાસ,રબારીવાસની બાજુમા, પ્રાથમિક શાળા સામે,ગામ-બાલસર તા-ક્ડી જિ.-મહેસાણા વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રાજુભાઈ ઉર્ફે કાળો અમરતભાઈ ડાહયાભાઈ રાવળ રહેવાસી-રાવળવાસ,રબારીવાસની બાજુમા, પ્રાથમિક શાળા સામે,ગામ-બાલસર તા-ક્ડી જિ.-મહેસાણા |

- આ ઉપરાંત મિલક્ત સબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૩ ઇસમો મળી **<u>કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u>** તેઓને સુરત, વડોદરા, ભુજ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.